
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૦ | ૧૧ એપ્રિલ, ૨૦૨૨, સોમવાર; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# શાહબાઝ બન્યા વિપક્ષના PMના ઉમેદવાર

## બિલાવલ ભુટ્ટો બની શકે છે વિદેશ મંત્રી : શહબાઝ પાક. પૂર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફના ભાઈ છે



ઈસ્લામાબાદ, તા.૧૦

પાકિસ્તાનમાં નવી સરકારની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. માહિતી મળી રહી છે કે વિપક્ષો શાહબાઝ શરીફે પ્રધાનમંત્રી તરીકે પોતાના ઉમેદવાર નોમિનેટ કર્યા છે. પાકિસ્તાનના નવા વઝીર-એ-આઝમનો નિર્ણય સોમવારે થવાનો છે. ઈમરાન ખાન સત્તામાંથી બહાર થયા બાદ શરીફે ટ્વીટ દ્વારા મીડિયા, વકીલોનો આભાર વ્યક્ત કર્યો હતો. રવિવારે ઈમરાન વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ પાસ થઈ ગયો હતો. તેમની વિરુદ્ધ ૧૭૪ સાંસદોએ મત આપ્યો હતો.

છઈરૂ ન્યૂઝ અનુસાર રવિવારે વિપક્ષી દળોએ પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના શાહબાઝ શરીફને વિપક્ષના સંયુક્ત ઉમેદવાર નોમિનેટ કર્યા છે.

શાહબાઝ પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફના ભાઈ છે. રવિવારે તેમણે ટ્વીટ કર્યુ- મીડિયા, નાગરિક સમાજ, વકીલો, મારા કાયદ નવાઝ શરીફ, આસિફ ઝરદારી, મૌલાના ફઝલ-ઉર-રહમાન, બિલાવલ ભુટ્ટો, ખાલિદ મકબૂલ, ખાલિદ મગસી, મોસિન ડાવર, અલી વઝીર, આમિર હૈદર હોતી અને તમામ

● અનુસંધાન પાન- ૭ પર

# લેહમાં નિર્માણાધીન પૂલ તુટી પડ્યો

## ૧૨ કલાક બાદ કાટમાળમાંથી નીકળ્યાં ૪ મજૂરનાં મૃતદેહ : બે લોકોને બચાવી લેવાયા છે, તેમની હાલત ગંભીર છે

લેહ, તા.૧૦

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેહ જિલ્લામાં એક મોટી દુર્ઘટના ઘટી છે. નિર્માણાધીન પુલનો એક ભાગ ધરાશાયી થતા ચાર લોકોના મોત થયા છે. સેના, બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન અને એરફોર્સની મદદથી ૧૨ કલાકના બચાવ અભિયાન બાદ રવિવારે કાટમાળમાંથી ચારેય મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. બે લોકોને બચાવી લેવાયા છે. તેમની હાલત ગંભીર છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લદ્દાખના એલજીએ તપાસના આદેશ આપ્યા છે.

લદ્દાખના નુબ્રા સબ-ડિવિઝનમાં બનેલા પુલનો એક ભાગ શનિવારે સાંજે ૪ વાગ્યાની આસપાસ તૂટી પડ્યો હતો. ત્યાં કામ કરતા ૬ લોકો તેના કાટમાળ નીચે દટાયા હતા જ્યારે એકને બચાવી લેવામાં આવ્યો હતો. આ પુલ લેહ જિલ્લાના ડિસ્કિત ગામમાં બની રહ્યો હતો. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, અધિકારીઓએ આ દુર્ઘટનાનું કારણ તેજ પવનો ગણાવ્યા છે. બચાવ અને રાહત કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.



# યુક્રેનમાં જેલેન્સ્કી સાથે જોવા મળ્યા બોરિસ જહોન્સન

## બ્રિટનના પ્રધાનમંત્રી અચાનક યુક્રેન પહોંચ્યા : બંને નેતાઓ ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ઘેરામાં સ્નાઈપર્સ તથા અન્ય સુરક્ષા વચ્ચે બંને ઘૂમી રહ્યા છે

કિવ, તા.૧૦

બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જહોનસન અચાનક યુક્રેન પહોંચી ગયા છે. ત્યાં તેઓ યુક્રેનની રાજધાની કિવના રસ્તાઓ પર ઘૂમતા જોવા મળ્યા. તેમની સાથે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કી પણ જોવા મળ્યા. યુક્રેનની સરકાર દ્વારા આ વીડિયો શેર કરાયો છે. બે મિનિટથી વધુ લંબાઈવાળા આ વીડિયોમાં બંને નેતાઓ ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ઘેરામાં સ્નાઈપર્સ તથા અન્ય સુરક્ષા વચ્ચે ઘૂમી રહ્યા છે. અત્રે જણાવવાનું કે આ દરમિયાન જેલેન્સ્કી અને જહોન્સન બંને સતત રસ્તા પર મળનારા લોકોનું અભિવાદન કરતા રહ્યા. અત્રે જણાવવાનું કે આ રાહગીરોમાંથી એક બ્રિટિશ નેતાને યુક્રેનના રસ્તાઓ પર જોઈને ભાવુક પણ થઈ જાય છે. ભાવુક થયેલા રાહગીરે કહ્યું કે અમને તમારી જરૂર છે. જહોનસને તેનો જવાબ આપતા કહ્યું કે તમને મળીને સારું લાગ્યું. તમારી પાસે એક સારા રાષ્ટ્રપતિ મિસ્ટર જેલેન્સ્કી છે. અમને મદદ કરવાનું સૌભાગ્ય મળ્યું છે. ૨૪ ફેબ્રુઆરીએ રશિયા દ્વારા યુક્રેન પર આક્રમણ શરૂ કરાયું હતું. રશિયા અને યુક્રેનની લડાઈ બાદ પહેલીવાર એવું બન્યું છે કે જ્યારે જી ૭ના કોઈ નેતા યુક્રેન પહોંચ્યા છે. બ્રિટિશ પ્રધાનમંત્રીએ ૧૨૦ બખ્તરબંધ વાહનો અને એન્ટી શીપ મિસાઈલ સિસ્ટમ આપવાનું વચન આપ્યું છે. તેમણે વિશ્વ



બેંકની લોનમાં વધારાના ૫૦૦ મિલિયન ડોલરની પણ પુષ્ટિ કરી છે. તેનાથી ઈંગ્લેન્ડની કુલ ઋણ ગેરંટી એક અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે.

અત્રે જણાવવાનું કે રશિયાની સેના દ્વારા હુમલા તેજ કરાયા છે. આ બધા વચ્ચે યુક્રેનના પક્ષમાં રશિયા પર અનેક આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો પણ લાગ્યા છે. આ હુમલાના કારણે લાખો યુક્રેની નાગરિકોએ પોતાનો જ દેશ છોડવાનો વારો આવ્યો છે.

# સીરિયામાં તબાહી મચાવનારા જનરલને પુતિને સોંપી કમાન

## નવા કમાન્ડર રશિયાની સેનાને નવી દિશા આપી શકે છે

મોસ્કો, તા.૧૦

રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિને યુક્રેન જંગમાં સેનાનું નેતૃત્વ કરવાની જવાબદારી



એક નવા જનરલને સોંપી છે. શનિવારે સીએનએનના રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી. રિપોર્ટમાં અમેરિકા અને યુરોપીયન અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, પુતિનની સેનાએ દેશના ઉત્તર ભાગથી સૈનિકોને પાછા બોલાવવા મજબૂર થવું પડ્યું છે અને ૪૬ દિવસ પછી પણ તે કીવ પર કબજો કરવામાં નિષ્ફળ રહી છે.

રશિયા અને યુક્રેનનું યુદ્ધ ૨૪ ફેબ્રુઆરીએ શરૂ થયું હતું. પુતિનને અંદાજ ન હતો કે, આ લડાઈ આટલી લાંબી ખેંચાશે. અહેવાલો મુજબ, અધિકારીઓએ કહ્યું કે, પુતિને રશિયાના સાઉથર્ન મિલિટ્રી ડિસ્ટ્રીક્ટના જનરલ એલેક્ઝાન્ડર ડ્વોર્નિકોવને યુક્રેનમાં રશિયાના હુમલાના થિયેટર કમાન્ડરના રૂપમાં નિયુક્ત કર્યા છે. લાંબો યુદ્ધ અનુભવ ધરાવતા એક નવા કમાન્ડર રશિયાની સેનાને નવી દિશા આપી શકે છે.

કહેવાઈ રહ્યું છે કે, ડ્વોર્નિકોવ ઘણા મોરચાને બદલે માત્ર ડોનબાસ વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરશે. ૬૦ વર્ષના ડ્વોર્નિકોવ સીરિયામાં રશિયાના મિલિટ્રી ઓપરેશનના પહેલા કમાન્ડર હતા, જ્યારે પુતિને સીરિયાના પ્રેસિડન્ટ બશર અલ-અસદની સરકારનું સમર્થન કરવા માટે સપ્ટેમ્બર ૨૦૧૫માં ત્યાં સેના મોકલી હતી. સપ્ટેમ્બર ૨૦૧૫થી જૂન ૨૦૧૬ સુધી સીરિયામાં ડ્વોર્નિકોવના નેતૃત્વમાં રશિયા સેનાએ અસદ શાસન અને તેમના સહયોગીઓનું સમર્થન કર્યું હતું.

આ દરમિયાન તેમણે વિદ્રોહીઓના કબજાવાળઆ પૂર્વ અલેપ્પોને ઘેરી લીધું, ગીચ વસ્તીવાળા વિસ્તારમાં બોંબમારો કર્યો અને મોટા પ્રમાણમાં નાગરિકો માર્યા ગયા અને ઘાયલ થયા.

# પીએમ મોદી-જો બાઈડેન વચ્ચે આજે વર્ચ્યુઅલ બેઠક

## રશિયા-યુક્રેનની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી શકે છે : જો બાઇડેન અને પીએમ મોદી વચ્ચે આ બેઠક ભારત-અમેરિકા ટૂ-પ્લસ-ટૂ મંત્રીસ્તરીય વાર્તા પહેલા થશે

નવી દિલ્હી, તા.૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૧૧ એપ્રિલે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે વર્ચ્યુઅલ બેઠક કરશે. આ બેઠકમાં બંને દેશોના નેતા આપસી હિત માટે દક્ષિણ એશિયા, હિંદ પ્રશાંત ક્ષેત્રની સાથે-સાથે વૈશ્વિક મુદ્દા પર ચાલી રહેલ દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરશે અને પોતાના વિચારોનું એકબીજા સાથે આદાન-પ્રદાન કરશે.

બંને દેશના નેતાઓ વચ્ચે આ બેઠક એવા સમયે થઈ જવા રહી છે જ્યારે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે રશિયાનો સાથ આપ્યો છે, જ્યારે અમેરિકા મોસ્કો વિરુદ્ધ છે. તેવામાં સંભાવના છે કે બંને દેશના નેતા રશિયા અને યુક્રેનની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી શકે છે. પરંતુ સત્તાવાર રીતે આ વાતની કોઈ જાણકારી આપવામાં આવી નથી.

જો બાઈડેન અને પીએમ મોદી વચ્ચે આ બેઠક ભારત-અમેરિકા ટૂ-પ્લસ-ટૂ મંત્રીસ્તરીય વાર્તા પહેલા થશે, જેનું નેતૃત્વ ભારતીય પક્ષ તરફથી રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ જયશંકર અને તેમના અમેરિકી સમકક્ષ કરશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યુ કે, તે હવાઈ સ્થિત અમેરિકી હિંદ-પ્રશાંત કમાન (ઈન્ડોપૈકોમ) ના મુખ્યાલયની પણ યાત્રા કરશે.

સિંહે ટ્વીટ કર્યુ- હું વોશિંગટનમાં ચોથી ભારત-અમેરિકા ટૂ-પ્લસ-ટૂ મંત્રીસ્તરિય વાર્તામાં ભાગ લેવા માટે ઉત્સુક છું. આ સિવાય હું આ યાત્રા દરમિયાન હવાઈમાં ઈન્ડોપૈકોમ મુખ્યાલયનો પ્રવાસ પણ કરીશ. રાજનાથ સિંહ અમેરિકા પહોંચી ગયા છે.

# અનામત આપવાથી દેશમાં બેરોજગારીનો પ્રશ્ન નહીં ઉકેલાય

## ૨૦૨૦માં ગરીબીના રેશિયોમાં ભારે ઘટાડો થયો : અર્થશાસ્ત્રી સુરજ ભલ્લા, અરવિંદ વીરમાણી, કરણ ભસીનના સંશોધન પ્રમાણે ભારતમાં દારૂણ ગરીબી નથી

નવી દિલ્હી, તા.૧૦

જાણીતા અર્થશાસ્ત્રીઓ સુરજ ભલ્લા, અરવિંદ વીરમાણી અને કરણ ભસીનના એક સંશોધન પ્રમાણે ભારતમાં હવે દારૂણ ગરીબી રહી નથી. વિશ્વ બેક્રની વ્યાખ્યા પ્રમાણે જે પરિવારોની રોજની માથાદીઠ આવક ૧.૯૦ ડોલર કરતા ઓછી હોય તો તેને તીવ્ર ગરીબી કહેવાય. ભારતમાં આવા લોકો બહુ ઓછા છે. સુરજ ભલ્લા ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. તેઓ માને છે કે ભારતમાં ગરીબીમાં જોરદાર ઘટાડો થયો છે. ૨૦૦૪માં દેશમાં ગરીબીનો રેશિયો ૩૧.૯ ટકા હતો, જે ૨૦૧૪માં ઘટીને ૫.૧ ટકા થયો હતો અને ૨૦૨૦માં ૦.૮૬ ટકા થયો હતો. કેટલાક વિવેચકો આ સંશોધનને નકારી કાઢશે અને તેની ટીકા કરશે. પરંતુ બીજા કેટલાક સંશોધન પણ દર્શાવે છે કે તાજેતરના વર્ષોમાં દેશમાં ગરીબીમાં ભારે ઘટાડો થયો છે.

આ કોલમ ગરીબીના આંકડા અંગે ચર્ચા કરવા માટે નથી. પરંતુ અહીં એ સવાલ પેદા થાય છે કે આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટે જોબ કે શિક્ષણમાં ક્વોટા રાખ્યા વગર પણ ગરીબી ઘટતી હોય તો પછી સરકારે ૨૦૧૯માં ઈઉજી માટે ૧૦ ટકા અનામત રાખવાની શી જરૂર હતી? ૧૯૯૨માં આપણી વસતીનો મોટો ભાગ ગરીબી હેઠળ હતો ત્યારે સુપ્રીમ કોર્ટે EWS માટે અનામતની માંગ ફગાવી દીધી હતી. હવે ગરીબીમાં ઘણો ઘટાડો થયો છે ત્યારે આવી અનામતની જરૂર છે ખરી?

બંધારણ પ્રમાણે કોઈની જાતિ, ધર્મ, લિંગ કે જન્મસ્થળના આધારે કોઈની સાથે ભેદભાવ કરી શકાય નહીં. પરંતુ બંધારણમાં દલિતો અને આદિવાસીઓ માટે રોજગારી અને શિક્ષણ માટે અનામતની જોગવાઈ કરવામાં આવી હતી કારણ કે આ લોકોએ સદીઓથી ભારે અન્યાય સહન કર્યો હતો. બંધારણમાં આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગ માટે પણ અનામતની જોગવાઈ છે.

રાજકીય રીતે સક્ષમ જૂથો અને જાતિ આધારિત પક્ષોએ પણ દબાણ કરીને ક્વોટા મેળવ્યા છે.

૧૯૯૧માં સરકારે OBC માટે ૨૭ ટકા અને EWS માટે ૧૦ ટકા ક્વોટા રાખવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે EWS ક્વોટાને રદ કર્યો અને OBC ક્વોટા માન્ય રાખ્યો હતો. દલિતો માટે ૧૫ ટકા અને આદિવાસીઓ માટે ૭.૫ ટકા અનામત સાથે ગણતરી કરવામાં આવે તો હવે કુલ ૪૯.૫ ટકા જેટલી જોબ અનામત હેઠળ આવે છે. સુપ્રીમે કહ્યું કે હવે આનાથી વધારે અનામત રાખવામાં આવશે તો તે ભેદભાવ સમાન હશે.


## પાલતું બિલાડુ ખોવાયેલ છે



નામ : રાફા (RAFA)

સેક્ટર-૨૯, હૂસેની ચોક પાસેથી તા. ૮ એપ્રીલ સાંજથી ગુમ થયેલ છે. જે કોઈને માહિતી હોય આ નંબર પર સંપર્ક કરવો. યોગ્ય બદલો આપવામાં આવશે.

Mo. 96240 41076



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


# બિસ્કિટ, શેમ્પૂ, તેલ સહિતની ચીજવસ્તુઓની ખરીદીમાં સામાન્ય પ્રજાએ કાપ મૂક્યો

## મોંઘવારીમાં મિડલ ક્લાસના હાલ થયા બેહાલપેટ્રોલ, ડીઝલ, CNG, રાંધણગેસ સહિતની ચીજવસ્તુઓ મોંઘી થઈ : ટ્રાન્સપોર્ટના ખર્ચમાં ૨.૫ ટકા વધારો થશે

નવી દિલ્હી, તા.૧૦

પેટ્રોલ, ડીઝલ, CNG, રાંધણગેસ સહિત તમામ ચીજવસ્તુઓ મોંઘી થવાથી ભારતીય મિડલક્લાસ મોંઘવારીના સકંજામાં બરાબર ભીંસાયો છે. દરેક કોમોડિટી અને આવશ્યક ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી હોવાથી ઘણા પરિવારો પાસે ખર્ચકાપ કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. આવક અને ખર્ચ વચ્ચે સંતુલન સાધી શકાય તેમ ન હોવાથી લોકોએ આવશ્યક ચીજવસ્તુઓની ખરીદી પણ બંધ કરી દીધી છે અથવા તેમાં કાપ મુક્યો છે.

દેશના ટોચના ઈકોનોમિસ્ટના માનવા પ્રમાણે લોકોએ તાજેતરમાં બિસ્કિટ, બ્રેકફાસ્ટ માટેના રેડીમેડ પેકિંગ્સ, ઓટોમોબાઈલ, હેર ઓઈલ, શેમ્પૂ, ડિટર્જન્ટ અને વ્હાઈટ ગુડ્સની ખરીદીમાં કાપ મુક્યો છે. મોંઘા ઈંધણ અને બીજા ચાર્જના કારણે લોકોને આ બધા ખર્ચ પોસાતા નથી.

અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે ઈંધણના ભાવમાં વધારાના કારણે પેટ્રોલ-ડીઝલ અને ટ્રાન્સપોર્ટના ખર્ચમાં ૨.૫ ટકા જેટલો વધારો થઈ શકે છે. તેના કારણે ઘરગથ્થુ બજેટ ખોરવાયું છે. કંપનીઓ બધો ભાવવધારો ગ્રાહકો પર નાખી રહી હોવાથી જુદી જુદી પ્રોડક્ટની ડિમાન્ડને અસર થઈ છે. આ ઉપરાંત કોવિડ નિયંત્રણમાં આવ્યા પછી જુદી જુદી ચીજોની ડિમાન્ડની પેટર્ન પણ બદલાઈ છે.

● અનુસંધાન પાન- ૭ પર


॥ जय माता दी ॥ જગત જનની મહામાયા ॥ जय माता दी ॥

શ્રી માતા વૈષ્ણો દેવી તિર્થધામ

ગાંધીનગર-સરખેજ હાઈવે, અમદાવાદ

૨૩મો વાર્ષિક પાટોત્સવ નીમીતે

શ્રી મહાયજ્ઞ

૧૧-૪-૨૦૨૨ સોમવાર,ચૈત્ર સુદ-૧૦

મહાયજ્ઞ — સવારે ૮ કલાકથી

અન્નકૂટ દર્શન — બપોર ૧૨ થી સાંજે ૬.૩૦

માતાજીનો ભંડાર (મહાપ્રસાદ) — સવારે ૯ થી સાંજે ૭

માતાજીની ચૌકી (ભજન-કિર્તન) આ વર્ષે મોકૂફ રાખેલ છે.

સર્વ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ




શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ, અડાલજ કુમાર છાત્રાલય અને શિક્ષણ સંકુલનું ઉદ્‌ઘાટન તેમજ જનસહાયક ટ્રસ્ટ હીરામણિ આરોગ્ય ધામનું ભૂમિપૂજન



માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નાં વરદ હસ્તે વર્ચ્યુઅલ માધ્યમ થી કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે



શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી - ગુજરાત



શ્રી સી.આર.પાટીલ સંસદસભ્યશ્રી
પ્રમુખશ્રી-ભાજપ-ગુજરાત

ઉપસ્થિત રહેશે.

: તારીખ : ૧૨-૦૪-૨૦૨૨, મંગળવાર
: સમય : સવારે ૯.૩૦ કલાકે
: સ્થળ : શ્રી સ્વામિનારાયણ ફાર્મ, શ્રી અન્નપૂર્ણા મંદિરની સામે, અડાલજ-કોબા રોડ, મુ.અડાલજ, તા.જિ.ગાંધીનગર.

શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ અડાલજ ટ્રસ્ટીગણ

બીપીનભાઈ પટેલ (મેને. ટ્રસ્ટી) | નરહરિ અમીન (પ્રમુખ) | રવજીભાઈ વસાણી (ચેરમેન)

જનસહાયક ટ્રસ્ટ ટ્રસ્ટીગણ

નરહરિ અમીન (પ્રમુખ)

વરૂણ અમીન (મેને.ટ્રસ્ટી) | આર.સી.પટેલ (સેક્રેટરી) | નીતા અમીન (ઉપપ્રમુખ)